રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧, ગાંધીનગર

## મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા (CGMS)- ૨૦૨૬ પરિણામ જાહેરનામું

જાહેરનામાં ક્રમાંક:રાપબો/CGMS/2026/5197 - 5292 તા:27/04/2026

શિક્ષણ વિભાગના તા:૦૭/૦૬/૨૦૨૩ના ઠરાવક્રમાંક:ED/MSM/e-file/3/2023/0079/CHHઅન્વયે"મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના" અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત ધોરણ-૧ થી ૮માં સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળાઓમા સળંગ અભ્યાસ કરી ધોરણ-૮નો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેમજ બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ (RTE Act, 2009) અને તે હેઠળ રચાયેલા નિયમો, ૨૦૧૨ અન્વયે નબળા વર્ગોના અને વંચિત જૂથના બાળકોને સ્વનિર્ભર શાળાઓમાં ધોરણ-૧માં પ્રવેશ મેળવીને ધોરણ-૮ સુધીનો સળંગ અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ પૈકી તેજસ્વી વિદ્યાર્થીઓને મેરીટના ધોરણે સરકારી/ગ્રાન્ટેડ અથવા નિયત ધારાધોરણ મુજબ પસંદ થયેલ સ્વનિર્ભર શાળાઓ પૈકીની માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯માં પ્રવેશ મેળવી ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે માટે ગુજરાત રાજયના ૨૫,૦૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓને સ્કોલરશીપ તથા આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૯/૧૨/૨૦૨૫ પત્રથી ગત વર્ષ મુજબ ચાલુ વર્ષ ૨૦૨૬-૨૭માં પણ આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૯ (નવ)માં પ્રવેશ આપવામાં આવનાર છે. તેમજ કમિશ્નરશ્રી શાળાઓના તા.૩/૨/૨૦૨૬ના પત્રથી શિક્ષણ વિભાગના તા:૧૧/૧૦/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક:સસબ/ ૧૨૧૭૫૬૭(પા.ફા.૧)/ગ-૧ અન્વયે તા.૨૯/૧/૨૦૨૬ની સ્થિતિએ ધોરણ-૯(નવ)ની ખાલી રહેલ અંદાજિત-65 જગ્યાઓ માટે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષાના મેરીટના આધારે કમિશ્નર શાળાઓની કચેરી દ્વારા પ્રવેશ આપવામાં આવશે.

રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના તા-03/02/2026ના જાહેરનામા ક્રમાંક:રાપબો/જ્ઞા.સા.સ્કો.પરીક્ષા/૨૦૨૬ /1862-1986 થી "મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા–CGMS-૨૦૨૬,તા.૦૪/૦૪/૨૦૨૬ના રોજ રાજયના તમામ જિલ્લાઓમાં ૧૧.૦૦ થી ૧૩.30 કલાકે યોજવામાં આવેલ હતી.

આ પરીક્ષાની પ્રોવિઝનલ આન્સર કી તા:૦૭/૦૪/૨૦૨૬ના રોજ કચેરીની વેબસાઇટ www.sebexam.org પર પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી.અને આ પરીક્ષાના કોઇ પ્રશ્ન/ પ્રોવિઝનલ આન્સર કી ના ઉત્તર સામે ઉમેદવાર રજુઆત કરવા માગતા હોય તો નિયત પત્રકમાં તા.૦૭/૦૪/૨૦૨૬ થી તા.૧૩/૦૪/૨૦૨૬ સુધી તમામ વિગતો ભરીને જરૂરી માન્ય આધારો સાથે કચેરીના ઇ-મેઇલ એડ્રેસ sebg.query@gmail.com પર મોકલી આપવા સુચના આપવામાં આવેલ હતી. ઉમેદવારો દ્વારા પેપરના કોઇ પ્રશ્ન પ્રોવિઝનલ આન્સર કી ઉત્તર સામે મળેલ તમામ રજુઆતોને તજજ્ઞ સમિતિ સમક્ષ મુકવામાં આવેલ હતી. તજજ્ઞ સમિતિ દ્વારા તમામ રજુઆતો અને આધારોની ચકસણી કર્યા બાદ આ પરીક્ષાની ફાઇનલ આન્સર કી તા.૨૦/૪/૨૦૨૬ના રોજ તેમજ સુધારા ફાઈનલ કી તા.૨૧/૦૪/૨૦૨૬ના રોજ કચેરીની વેબસાઇટ www.sebexam.org પર મુકવામાં આવેલ હતી.

રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા તા.27/04/2026ના રોજ મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા-CGMS 2026 નું પરિણામ જાહેર કરવામાં આવે છે.

❖ પરિણામની વિગતો

| Marks | Male | Female | Total |
|---|---|---|---|
| 0 To 39 | 133529 | 115701 | 249230 |
| 40 To 44 | 43834 | 49815 | 93649 |
| 45 To 49 | 27442 | 35395 | 62837 |
| 50 To 54 | 17725 | 22415 | 40140 |
| 55 To 59 | 11746 | 13902 | 25648 |
| 60 To 64 | 7694 | 8351 | 16045 |
| 65 To 69 | 4953 | 4969 | 9922 |
| 70 To 74 | 3125 | 3018 | 6143 |
| 75 To 79 | 1900 | 1678 | 3578 |
| 80 To 84 | 1137 | 920 | 2057 |
| 85 To 89 | 603 | 478 | 1081 |
| 90 To 94 | 291 | 236 | 527 |
| 95 To 99 | 136 | 105 | 241 |
| 100 To 104 | 51 | 26 | 77 |
| 105 To 109 | 10 | 13 | 23 |
| 110 To 114 | 1 | 1 | 2 |
| 115 To 120 | 0 | 0 | 0 |
| Total | 254177 | 257023 | 511200 |

- મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા - CGMS-2026 માં બેસનાર વિદ્યાર્થીઓની કુલ સંખ્યા **511200**
- આ પરિણામમાં કુલ **09** શાળાઓના **09** વિદ્યાર્થીઓ 90%(108 ગુણ) કરતા વધુ ગુણ મેળવેલ છે.
- આ પરિણામમાં કુલ **228** શાળાઓના **283** વિદ્યાર્થીઓ 80%(96 ગુણ) કરતા વધુ ગુણ મેળવેલ છે.
- આ પરિણામમાં કુલ **1510** શાળાઓના **2278** વિદ્યાર્થીઓ 70%(84 ગુણ) કરતા વધુ ગુણ મેળવેલ છે.
- આ પરિણામમાં કુલ **4968** શાળાઓના **10936** વિદ્યાર્થીઓ 60%(72 ગુણ) કરતા વધુ ગુણ મેળવેલ છે.
- આ પરિણામમાં કુલ **11362** .શાળાઓના **39696** વિદ્યાર્થીઓ 50%(60 ગુણ) કરતા વધુ ગુણ મેળવેલ છે.
- આ પરિણામમાં કુલ **19663** શાળાઓના **127518** વિદ્યાર્થીઓ 40%(48 ગુણ) કરતા વધુ ગુણ મેળવેલ છે.

**નોંધ:-** હાલ કામચલાઉ પ્રથમ મેરીટ યાદીમાં અન્ય/જનરલ વિદ્યાર્થીઓ માટે 60 કરતા વધુ ગુણ મેળવનાર, SC કેટેગરીના તેમજ ST કેટેગરીના વિદ્યાર્થીઓ માટે 55 કરતા વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીનો સમાવેશ કરવામાં આવેલ છે. સ્કોલરશીપ /પ્રવેશ આપનાર એજન્સીને જરૂર જણાય માર્કસમાં ઘટાડો કરી શકશે. આ મેરીટ યાદીમાં સમાવેશ થયેથી સ્કોલરશીપ/ પ્રવેશ મળશે જ તેવો દાવો કરી શકાશે નહિ.

સંબંધિત કચેરી દ્વારા ટુંક સમયમાં વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશનની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. આ પરિણામની યાદીના વિદ્યાર્થીઓને જે તે યોજના અંતર્ગત સરકારશ્રીના ઠરાવો અને પ્રવર્તમાન નિયમો/જોગવાઇ અનુસાર સંબંધિત કચેરી દ્વારા આપવાના થતા લાભ અંગેની આગળની આનુષાંગિક કાર્યવાહી કરવામાં આવશે અને ફાઇનલ મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. આ મેરીટ યાદીમાં સમાવેશ થયેથી યોજનાનો લાભ મળશે જ તેવો દાવો કરી શકાશે નહિ.

"મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા-CGMS-૨૦૨૬"નું પરિણામ શાળા દ્વારા **https://links.swiftchat.ai/WOZP1g** લિંક પરથી જાણી શકાશે.

સ્થળ - ગાંધીનગર.
તા-૨૭/૦૪/૨૦૨૬

(પી.કે.ત્રિવેદી)
અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ,
ગાંધીનગર.

**નકલ સવિનય રવાના જાણ સારૂ :**

- માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. અધિક મુખ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર.
- માન.અગ્રસચિવશ્રી(પ્રા.મા.શિક્ષણ)ના અંગત મદદનીશ સચિવશ્રી,શિક્ષણ વિભાગ,નવા સચિવાલય, ગાંધીનગર.
- માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી,વિદ્યાસમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી,શાળાઓની કચેરી, વિદ્યાસમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯,ગાધીનગર
- માન.કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, બિરસામુંડા ભવન,ગાંધીનગર
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યાસમીક્ષા કેન્દ્ર,સેકટર-૧૯,ગાધીનગર
- માન. નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
- શાસનાધિકારી, તમામ.